ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૯/૧૮-૧૯/ ૨૧૪ તારીખ : 19 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ધીરૂભાઈ ચતુરભાઈ ભડાણીયા,
મુ.બુબાવાવ, તા.રાણપુર,
જી.બોટાદ.
**મો.નં.૯૯૦૪૫ ૩૯૪૨૯.**

કેસ નં.૧૪૯/૧૮-૧૯

**વિષય : ડીપોઝીટની રકમ પરત કરવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૧૧/૧૮. અત્રેની કચેરીને મળ્યા તા.૦૭/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૯/૧૮-૧૯/૫૫૨૯ તા.૧૧/૧૨/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૯/૧૮-૧૯/૫૫૩૦ તા.૧૧/૧૨/૨૦૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૯/૧૮-૧૯/૩૧ તા.૦૧/૦૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૧/૧૨/૨૦૧૮ અને તા.૧૧/૦૧/૨૦૧૯ નાં રોજ રૂબરૂ રજુઆત કરવા માટે બોલવેલ, પરંતુ તમો એકપણ વખત હાજર રહેલ નથી. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, રાણપુર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૪૯/૧૮–૧૯</u>** ☜

વાદી :– શ્રી ધીરૂભાઈ ચતુરભાઈ ભડાણીયા

◈ **વિરૂઘ્ઘ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૧.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એ. એ. જાડેજા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધીરૂભાઈ ચતુરભાઈ ભડાણીયા, મુ.બોટાદ, તા.જી.બોટાદની ડીપોઝીટની રકમ પરત કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંકઃ૧૪૯/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૯/૧૮–૧૯/૫૫૨૯ તા.૧૧.૧૨.૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૧.૧૨.૨૦૧૮ તથા તા.૧૧.૦૧.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી એકપણ વખત હાજર રહેલ નથી.તથા પ્રતિવાદી શ્રી શ્રી એ. એ. જાડેજા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે ૬૧૭૧૩/૦૦૧૧૫/૨ થી કનેકશન લીધેલ. જે રદ કરાવતાં મે ભરેલ ડીપોઝીટની રકમ રૂ.૧,૮૨૦/– તા.૧૦.૧૦.૨૦૧૭ ના રોજ ઈન્ડેમ્નીટી બોન્ડથી પરત માંગેલ પરંતુ મને આ રકમ પરત નહી આપતાં મને એડજસ્ટમેન્ટ હીસ્ટ્રીથી પત્ર આપેલ છે. સદર વીજજોડાણમાં ૨૦૦૩ માં લોડ વધારો કરેલ છે.

૧.૨ જેથી રૂબરૂ પુછતાં મને જણાવેલ કે થેફટના પૈસા બાકી હોવાથી મને એડજસ્ટમેન્ટ કરેલ છે તેવું જણાવેલ. આ રકમ મને પરત ન મળતાં કે મારી સાથે પત્ર વ્યવહાર ન કરતાં ૨૦૧૬ થી ધકકા ખાઉં છું, તો આ રકમ મને પરત મળવા ભલામણ કરવા વિનંતી.

..૨..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ રેકોર્ડ પરથી માલુમ પડે છે કે ગ્રાહકશ્રી ધીરૂભાઈ ચતુરભાઈ દવારા માંગેલ ઈન્ડસ્ટ્રીયલ વીજજોડાણ તા.૨૦.૧૧.૧૯૯૭ માં રીલીઝ કરવામાં આવેલ તે સમયે અંદાજપત્રમાં ૩૧.૧.૯૭ ના રોજ કુલ રકમ રૂા.૪૫૦/– રસીદ નં.૩૦૦૧૮ થી ડીપોઝીટ પેટે ભરેલ હતી.

૨.૨ આ વીજજોડાણમાં ૧.૦ હો.પા. + ૦.૫ હો.પા.નો લોડ વધારો માંગેલ, જે અંતર્ગત તા.૧૨.૧૨.૨૦૦૩ થી સીકયોરીટી ડીપોઝીટ પેટે રૂા.૮૪૦/– રસીદ નં.૮૩૪૮૯૮ થી ભરપાઈ કરેલ છે. પરંતુ અંદાજપત્ર માં સીકયોરીટી પેટે ની રકમ રૂા.૯૬૦/– દર્શાવેલ છે.

૨.૩ ગ્રાહકશ્રી ધીરૂભાઈ ચતુરભાઈ પાળીયાદ પે.વિ.કચેરી ખાતે તા.૦૭.૦૭.૨૦૧૭ ના રોજ પીડીસી માટે અરજી કરેલ જેના અનુસંધાને તા.૨૭.૦૭.૨૦૧૭ રોજ સી.આર. નં.૨૧૧૨૨૫ મુજબ સ્થળ પરથી માલસામાન ઉતારેલ.

૨.૪ આ ઉતારેલ મીટર લેબ ચકાસણી માટે તા.૨૫.૦૯.૨૦૧૭ ના રોજ લેબમાં હાજર રહેવા માટે નોટીસ ઈસ્યુ કરેલ, જે અન્વયે ગ્રાહક શ્રી તા.૧૭.૧૦.૨૦૧૭ ના રોજ લેબમાં હાજર રહેલ. લેબ ચકાસણી દરમ્યાન મીટરમાં રીડીગ ૪૭૫૨.૧ માલુમ પડેલ અને મીટરનો ટર્મીનલ બ્લોક બળેલ માલુમ પડેલ. માહે ફેબ્રુ–માર્ચ–૧૭ સુધી બનેલ બીલ મુજબ મીટર રીડીગ ૪૭૧૪ પ્રમાણે બીલ આપવામાં આવેલ છે. આથી છેલ્લું બીલ બનેલ અને લેબ ચકાસણી વખતે નીકળેલ યુનિટ તફાવતના કુલ ૧૮ યુનિટ પેન્ડીગ નીકળેલ.

૨.૫ અરજદાર દવારા ડીપોઝીટ રીફંડ માટેની ઈન્ડીમીટી બોન્ડ સાથે અરજી કરેલ, જે અન્વયે તા.૦૮.૦૫.૨૦૧૮ ના પત્ર નં.આરપીઆર/ટેક/૪૯૪૫ થી વિભાગીય કચેરી બોટાદને ડીપોઝીટ રીફંડ માટે કેસ મોકલવામાં આવેલ.

૨.૬ સદર કનેકશનને ઈ–ઉર્જામાં પીડીસી કરેલ તે સમયે બીલીગ સીસ્ટમમાં રૂા.૩૫૨.૪૮ પૈસા રકમ જમા હતી. તા.૧૦.૦૮.૨૦૧૮ મુજબ સદર જમા રકમ સામે ઓડીટ પેરા નં.૧.૧૨(બી) મુજબ બોર્ડ ચાર્જથી રકમ ઉધારેલ જેમાં લેબોરેટરીના પેન્ડીગ ૧૮ યુનિટની રીકવરી રૂા.૩૫૨.૪૮ બાદ કરતાં હાલ ૧૪૫ પીઆરટીનું એરીયર્સ નીલ છે.

| ૧૪૫ પી.આર.ટી. ની સ્થિતી | | | |
|---|---|---|---|
| **વિગત** | **ઉધાર રૂ.** | **જમા રૂ.** | **બેલેન્સ રૂ.** |
| | | | –૩૫૨.૪૮ |
| ૧૯/૦૮/૨૦૧૮ | | | |
| ૧૦/૦૮/૨૦૧૮ ઓડીટ પારા કલોઝ કરેલ. (લેબ મુજબ ૧૮ યુનિટની રીકવરી | ૩૫૨.૪૮ | | ૦.૦૦ |
| સીકયોરીટી ડીપોઝીટની સ્થિતી | | | |
| ૩૧/૦૧/૯૭ | | ૪૫૦ | –૪૫૦ |
| ૧૨/૧૨/૨૦૦૩ (લોડ વધારા સાથે ભરેલ ડીપોઝીટ) | | ૮૪૦ | –૧૨૯૦ |
| લેબ ઈન્સ્પેકશન રીપોર્ટ મુજબ બી.એમ.સી. ચાર્જ | ૮૬૦ | | –૪૩૦ |
| તા.૧૮/૧૨/૨૦૧૮ ના ડોકેટ વાઉચર તૈયાર કરી પરત | –૪૩૦ | | ૦.૦૦ |

૨.૭ આમ સદર ગ્રાહક ડીપોઝીટ રીફંડ પેટે મળવાપાત્ર રકમ રૂા.૪૩૦/– પરત આપવા માટેની કાર્યવાહી કરેલ છે.

૨.૮ ગ્રાહકશ્રીએ અરજીમાં વધુ જણાવેલ છે કે રૂા.૨૦૦/– તેમના ખાતે જમા છે પરંતુ જે અંગે ચકાસણી કરતાં તા.૦૩.૧૧.૧૮ ના રોજ રકમ રૂા.૨૫૦/– શરતચુકથી ખોટા જમા અપાયેલ, જે રકમ ખરેખર ઉધારવાના હોવાથી ડીસેમ્બર–૧૮ માં ઉધારવાની પ્રક્રિયા પુર્ણ થશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ધીરૂભાઈ ચતુરભાઈ ગામ–રાણપુર માં NRGP ટેરીફ હેઠળ ગ્રાહક નં.૮૬૯૧૩/૦૦૧૧૫/૦ થી ૧ કી.વો. નું વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીએ તેઓનું વીજજોડાણ કાયમી ધોરણે રદ કરાવેલ હોય તેઓએ પ્રતિવાદીને ભરેલ સીકયોરીટી ડીપોઝીટ તેમજ જમા રકમ આપવા માટે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદીએ ફોરમ સમક્ષ વાદીનાં લેઝર એકાઉન્ટની કોપી તેમજ બીજા ડોકયુમેન્ટ રજુ કરેલ છે. પ્રતિવાદી દવારા વાદીનાં બીલીંગ એકાઉન્ટમાં તા.૧૯/૦૮/૧૮ ના રોજ રૂા.૩૫૨.૪૮ જમા બતાવેલ છે, જે પ્રતિવાદીએ ભૂલથી જમા આપેલ હોય તે રકમને ડેબીટ કરેલ.

૩.૪ વાદીએ તેમના વીજજોડાણની કુલ સીકયોરીટી ડીપોઝીટ રૂા.૧૨૯૦/– ભરેલ.

૩.૫ વાદીનાં પી.ડી.સી. કરેલ મીટર લેબ. ઈન્સ્પેકશન રીપોર્ટ દરમ્યાન બળેલ હોઈ વાદીની સીકયોરીટી ડીપોઝીટ રૂા.૧૨૯૦/– માંથી રૂા.૮૬૦/– બળેલ મીટર ચાર્જ તરીકે ઉધારેલ, જેથી પ્રતિવાદીએ વાદીને રૂા.૧૨૯૦ – રૂા.૮૬૦/– = રૂા.૪૩૦/– આપવાનાં થતાં હતાં, જે પ્રતિવાદીએ વાદીને ચેક દવારા પરત કરેલ છે.

૩.૬ વાદી તા.૨૧/૧૨/૧૮ તેમજ તા.૧૧/૦૧/૧૯ ના રોજ બન્ને મુદતમાં ફોરમ સમક્ષ હાજર રહેલ નથી અને વાદીને આજરોજ તા.૧૧/૦૧/૧૯ ના રોજ ફોન કરવામાં આવેલ.

૩.૭ પ્રતિવાદી દવારા વાદીની સીકયોરીટી ડીપોઝીટ પેટે વધતી રકમ રૂા.૪૩૦/– પરત આપવાની કાર્યવાહી કરેલ હોઈ, કેસનો નિકાલ થયેલ હોઈ આ અંગે ફોરમ દવારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરનાં તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૧.૦૧.૨૦૧૯**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.